GJAM090010772024

**ફો.પ.અ.નં.૧૪૪/૨૦૨૪**

**આંક**

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૨/૧૨/૨૦૨૪ |
| રજુ તારીખ | ૦૨/૧૨/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | ૦૧ વર્ષ– ૦૬ માસ–૨૧ દી. |

सत्यमेव जयते

**મે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશ્યલ મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, તા.લાઠી, જિલ્લા – અમરેલી.**

અરજદાર:– **હેતલબેન વા/ઓ લાલજી ગોરધન સાવલિયા તે ડો/ઓ ભરતભાઈ દેવાણી** ઉ.વ.૩૪
રહે. હરસુરપુર દેવળીયા, તા. લાઠી, જી.અમરેલી.

**વિરુધ્ધ**

સામાવાળા:–
**(૧) લાલજી ગોરધન સાવલિયા ઉ.વ.૩૬** (પતિ)
**(૨) ગોરધન સાવલિયા (સસરા) ઉ.વ.૬૦**
**(૩) શારદા ગોરધન સાવલિયા ઉ.વ.૫૮ (સાસુ)**
**(૪) મનીષા ગોરધન સાવલિયા ઉ.વ.૪૦ (નણંદ)**
**(૫) મંજુબેન ઉ.વ.૪૪ (કાકીજી સાસુ)**
**(૬) દકુભાઈ શાંતિભાઈ જોગણી ઉ.વ.૪૦**
**(૭) લાભુબેન શાંતિભાઈ જોગણી ઉ.વ.૬૦**

તમામ રહે.વેલંજા, શુભમ સોસાયટી(ઉમરા), સુરત

**-:ધારાશાસ્ત્રીઓ:-**

અરજદારપક્ષ તરફે વી.વ.શ્રી **આર.બી.કમાણી**

સામાવાળાપક્ષ તરફે વી.વ.શ્રી **વી.કે.ગોહીલ**

**બાબત:- ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ની કલમ- ૧૨, ૧૮ ,૧૯, ૨૦, ૨૨ , ૨૩ મુજબની દાદ મેળવવા માટેની અરજી.**

## -: ચુ કા દો :-

(૧) અરજદારે આ અરજી ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ની કલમ - ૧૨, ૧૮ ,૧૯, ૨૦, ૨૨, ૨૩ મુજબની દાદ મેળવવા માટે અરજી કરેલી છે. સદર અરજીની ટુકમાં હકીકત એવી છે કે, અરજદારના લગ્ન અરજી કર્યાના દોઢ વર્ષ પહેલા સામા.નં.૧ સાથે હિન્દુ શાસ્ત્રોકત વિધી મુજબ થયેલ હતા. તેમજ શરૂઆતમાં તેઓનું લગ્ન જીવન સારી રીતે ચાલેલ પરંતુ ત્યારબા અરજદારને સામાવાળાઓ તેમના પતિ, સાસુ તથા અન્ય સાસરીયાઓ એકસંપ થઈ કરીયાવર ઓછો લાવવા બાબતે હેરાન પરેશાન કરતા તથાા ગાળો દેતા અને અરજદાર ગાળો દેવાની ના પાડતા તેઓના પતિ તેમને ઢોર માર મારતા અને આ રીતે અરજદારને મેણાટોણાં મારી શારીરિક અને માનસીક દુઃખત્રાસ આપતા

(૨) વધુમાં જણાવેલ છે કે, અરજદારના પતિ અવારનવાર તેઓને કરીયાવર ઓછો લાવવા બાબતે ત્રાસ આપતા તથા એવું કહેતા કે " મારે ધંધામાં રોકાણ કરવાનું છે જેથી તું તારા બાપને ત્યાથી રૂા.૧,૦૦,૦૦૦/- લઈ આવ". જેથી અરજદાર તેમના પિતાના ઘરેથી રૂા.૧,૦૦,૦૦૦/- લઈને તેઓના પતિને આપેલ તેમ છતાં અરજદારના પતિ એટલે કે સામા.નં.૧ નાએ અરજદારને દુઃખત્રાસ આપવાનું ચાલુ રાખેલ અને સદર રકમ પરત આપવાનું કહેતા અરજદાના પતિ તેઓને ગાળો આપતા અને ઢોર માર મારતા તથા સળગાવી દેવાની ધમકીઓ આપતા.

(૩) વધુમાં જણાવેલ છે કે, છેલ્લા ઘણા સમયથી અન્ય સાસરીયાઓ સામા.નં.૧ ની ચડામણી કરી કરતા હોય અરજદારને ના પાડતા સામાવાળ નં.૧ નાએ અરજદારને ગુસ્સે થઈ માર મારેલ અને બીજા દિવસે તેઓને પહેરેલ કપડે કાઢી મૂકેલ તથા સ્ત્રીધનની તમામ ચીજવસ્તુઓ

અરજદાર પાસેથી ઓળવી ગયેલ અને જેનો હાલ સામાવાળાઓ દૂરૂપયોગ કરી રહેલ છે. વધુમાં, અરજદારનો વિના કારણે ઈરાદાપૂર્વક અરજી કર્યાના ચાર માસથી ત્યાગ કરેલ છે અને અરજદાર સામાવાળ નં.૧ ના પત્ની હોવા છતાં કોઈ ભરણપોષણની દરકાર લીધેલ નથી કે કોઈ મકાન ભાડું આપેલ નથી. તેમજ અરજદાર કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા નથી કે તેઓ પાસે કમાવાનું કોઈ સાધન નથી અને અરજદારને તેઓના જીવનનિર્વાહ પાછળ માસિક રૂા.૩૦,૦૦૦/- ની જરૂરિયાત રહેતી હોય હાલની અરજી કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલાનું જણાવેલ છે.

(૪) વધુમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળાનં.૧ ની માસિક આવક રૂા.૧,૦૦,૦૦૦/- છે અને ખેતીનો તથા ઈલેકટ્રીકલ દુકાનનો ધંધો કરી કમાય છે તથા મોલડી ગામે ઘરના બે ટ્રેકટર તથા ૧૦ ભેંસોનો તબેલો છે તથા ઘરના મકાન-બંગ્લો અને જમીન તથા રોક્ડ રકમ તથા ઘરેણાં ધરાવે છે અને સામાવાળા નં.૧ ને તેમના માતાપિતાના ભરણપોષણની પણ જવાબદારી નથી.

(૫) અરજદાર તેની અરજીમાં વધુમાં જણાવે છે કે, ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ-૧૮ મુજબ આ કામના સામાવાળાઓ તેણીને કોઈપણ પ્રકારની ધાક ધમકીઓ આપે અપાવે નહી તેવો તથા કોર્ટમા જતા આવતા રોકે કે અટકાવે નહી તેવો તથા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ-૧૯(૧)(એફ) મુજબ આ કામના સામાવાળા અરજદારને અલગ રહેવા માટે મકાનની વ્યવસ્થા કરી આપે અથવા ભાડાનુ મકાન રાખવા મકાન ભાડાની રકમની વ્યવસ્થા કરી આપે તેવો તથા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ-૨૦ મુજબ સામાવાળાઓ વૈભવી, સુખી અને સમુધ્ધ જીવન જીવતા હોય તેણીને તે પ્રકારનું જીવન જીવવાનો હકક અને અધિકાર હોય તે મુજબનું જીવન જીવવા માટે માસીક ભરણપોષણ, દવા સારવાર માટે તથા અન્ય ખર્ચ પેટે માસીક રૂા.૩૦,૦૦૦/- પુરા દર માસે નિયમીત ચડે ચડયા ચુકવી આપવા તથા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ-૨૨ મુજબ વળતર સિવાય તેણીની શારીરીક માનસીક હેરાનગતિ માટે આ કામના સામાવાળાઓ જવાબદાર હોય શારીરીક માનસીક ત્રાસના વળતર પેટે રૂા.૧૦,૦૦,૦૦૦/- આ કામના સામાવાળાઓ તેણીને ચુકવી આપવા તથા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ- ૨૩ મુજબ વચગાળાનું ભરણપોષણ આપવા તથા અન્ય પરચુરણ ખર્ચના મળી અપાવવા હુકમ ફરમાવવા હાલની અરજી દાખલ કરેલી છે.

(૬) આ અરજીની નોટીસ સામાવાળાઓને બજી જતા સામાવાળાઓ તેમના વકીલ મારફતે હાજર

થયેલા છે. સામાવાળાઓએ હાજર થઈ આંક–૦૯ થી જવાબ રજુ રાખેલ છે. તેમજ સામવાળાએ સ્પષ્ટપણે સ્વીકાર્યા સિવાયની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, અરજદારના સામાવાળા નં.૧ સાથેના આ બીજા લગ્ન છે અને અગાઉ અરજદારના લગ્ન ટોડા મૂકામે થયેલા હતા અને ત્યાથી તેમણે મોટી રકમ લઈને છુટાછેડા મેળવેલ હતા. વધુમાં લગ્ન થયા બાદ સામાવાળા નં.૪ અને ૫ થી અરજદાર અલગ રહેતા હતા તથા સામાવાળા નં.૬ અને ૭ તેઓના પાડોશી થતા હોય તેઓને ખોટી રીતે આ કામે જોડેલ છે. તેમજ અરજદાર લગ્ન બાદ થોડો સમય સારી રીતે રહેલ ત્યારબાદ સામાવાળા નં.૧ ના માતાપિતાને ત્રાસ આપવા લાગેલ અને અરજદારને સ્વભાવ ચિડચીડો અને ગુસ્સાવાળો હોય અવારનવાર સામવાળા નં.૧ માતાપિતાને અપમાનિત કરતા અને ગાળાગાળી કરતા. તેમજ સામાવાળાઓએ અરજદારને કોઈ મેણાટોણાં મારેલ નથી કે ઢોર માર મારેલ નથી કે ગાળો દીધેલ નથી કે કોઈ શારીરિક ત્રાસ ગુજારેલ નથી કે અરજદારના જણાવ્યા મુજબની કોઈ માંગણી અરજદારને પીયરમાં કરેલ હોય તેવું બનેલ નથી કે કોઈ રકમ સામવાળાને આપવામાં આવેલ હોય તેવું બનેલ નથી.

(૭) વધુમા જણાવેલ છે કે, અરજદાર જયારે પીયરમાં જતા ત્યારે વીના કારણે લાંબો સમય રોકાઈ રહેતા અને તેડવા જતા ત્યારે સામાવાળા નં.૧ સાથે ઝઘડો કરતા અને તેમની ઈચ્છા મુજબ કૃત્ય કરતા તથા સારી રીતે લગ્નજીવન ભોગવતા ન હતા. તેમજ અરજદારના ભાઈ ચિરાગભાઈ પણ સુરત મૂકામે રહેતા હોય, અરજદારના કહેવા મુજબ રાજીખુશીથી તેમને મળવા ગયેલ હોય ત્યાથી અરજદાર પરત આવેલ નહીં અને તેમના ભાઈ સાથે રોકાઈ રહેલ અને તેઓને જે સ્ત્રી ધનના ઘરેણાં હતા તે પણ તેઓની સાથે રાખેલ અને આગેવાનો દ્વારા પ્રયાસ કરવા છતાં લગ્નજીવન ભોગવવા માટે આવેલ નહીં અને સામાવાળા નં.૧ ના સાસુ–સસરા સામાવાળા પાસેથી રૂા.૨૫,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ અને છુટાછેડા આપવા માટે કહેલ.

(૮) વધુમાં જણાવેલ છે કે, સામાવાળા નં.૧ કોઈ ખેતીનો ધંધો કરતા નથી કે તેઓ પાસે કોઈ ખેતીની જમીન નથી કે કોઈ તબેલો કે ભેંસો ધરાવતા નથી. સામાવાળા નં.૧ ઈલેકટ્રીકલનું મજૂરી કામ કરે છે અને દિવસના માંડ માંડ ૫૦૦ થી ૬૦૦ કમાઈને મહિને રૂપિયા દસ થી પંદર હજાર જેટલું જ કમાય છે. તેમજ સામાવાળા નં.૧ ના પિતાશ્રીને આંખનું ઓપરેશન કરેલ હોય તેઓની હોસ્પિટલની જવાબદારી પણ સામાવાળા નં.૧ પર છે. તેમજ સામાવાળા નં.૧ ને જે મકાન સુરત મૂકામે આવેલ છે તેમાં પણ લોન ચાલું છે અને તે સિવાય કોઈ સંપતી કે મિલકત તેઓ ધરાવતા નથી અને અરજદારના જણાવ્યા મુજબની કોઈ આવક તેઓ ધરાવતા નથી.

(૯) વધુમાં જણાવેલ છે કે, સામાવાળા હાલમાં પણ અરજદારણને તેડી જવા તૈયાર અને ખુશી છે. તેમજ અરજદાર હરસુરપુર દેવળીયા મૂકામે રહી સીલાઈ કામ કરી રૂા.૮,૦૦૦ થી રૂા.૧૦,૦૦૦ ની સારી એવી આવક મેળવે છે જયારે સામાવાળા નં.૧ મજૂરી કામ કરે છે અને કોઈ ધંધો રોજગાર તેઓનો ચાલતો નથી. આ તમામ હકીકત ધ્યાને લઈ અરજદારે સામાવાળા ઉપર તદ્દન ખોટા આક્ષેપો કરેલા હોય અરજદારની અરજી તથા માંગેલ દાદ ના–મંજુર કરવા અરજ કરેલ છે.

(૧૦) અરજદારને આ કામે વાજબી તક આપવા છતાં સમયસર મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ ન હોય તેઓનો પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. તેમજ તેઓની **આંક–૧૩** ની પુરાવાનો હક્ક ખોલી આપવાની અરજી પણ નામંજૂર કરવામાં આવેલ છે.

(૧૧) **સામાવાળા તરફે આ કામે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે.**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| ૧ | ૧૫ | સામાવાળા લાલજીભાઈ ગોરધનભાઈ સાવલિયાનું સરતપાસનુ સોગંદનામુ. |

સામાવાળાઓ તરફે આંક–૧૬ થી વધુ કોઈ પુરાવો રજૂ કરવા માંગતા ન હોવાનું પુરશીશથી જાહેર કરેલ છે.

(૧૨) અરજદાર પક્ષને વાજબી તક આપવા છતાં કોઈ દલીલ કરેલ ન હોય તેઓનો દલીલનો હક્ક બંધ કર્યો. તેમજ સામાપક્ષની વિગતવારની દલીલો સાંભળી.

સામાવાળા ના વિ.વ.શ્રીએ આંક–૦૯ ના તેઓના લેખિત જવાબ મુજબની દલીલ કરી અને વધુમાં તેમની દલીલોમાં જણાવે છે કે, આ કામે ઘરેલું હિંસા થયેલ હોવાનું પુરવાર થતું નથી, અરજદાર તેના માતાપિતાના ઘરે અરજી કર્યા પહેલા ઘણા સમયથી રહે છે અને સામાવાળાના ઘરે આવવાની ના પાડેલ છે. સદર કામે અરજદારની અરજીની હકીકતો ધ્યાને લેતાં પણ અરજદાર સામે ડોમેસ્ટીક વાયોલેન્સની કલમો મુજબ કોઈ હિંસા થયેલાનું જણાતું નથી. જેથી હાલની અરજીની તમામ દાદ નામંજૂર કરી અરજી રદ કરવા જણાવેલ છે.

(૧૩) આ કામે અરજદારની અરજી તથા રેકર્ડ તથા રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતાં આ અરજીના નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :–

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, તેણી સામાવાળા તેમજ તેમના કુટુંબીજનોના કૃત્ય, વર્તન અને વ્યવહારથી કૌટુંબિક હિંસાનો ભોગ બનેલ છે?

(૨) શું અરજદાર સાબિત કરે છે કે, તેણી સામાવાળાઓ પાસેથી ધી પ્રોટેકશન ઓફ વુમન ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ ૨૦૦૫ની કલમ–૧૮ મુજબ રક્ષણની દાદ મેળવવા હકકદાર છે?

(૩) શું અરજદાર સાબિત કરે છે કે, તેણી સામાવાળાઓ પાસેથી ધી પ્રોટેકશન ઓફ વુમન ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ ૨૦૦૫ની કલમ–૧૯(૧)(એફ) મુજબ રહેઠાણની દાદ મેળવવા હકકદાર છે?

(૪) શું અરજદાર સાબિત કરે છે કે તેણી સામાવાળાઓ પાસેથી ધી પ્રોટેકશન ઓફ વુમન ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ ૨૦૦૫ની કલમ–૨૦ મુજબ નાણાકીય સહાય/ભરણપોષણ મેળવવા હકકદાર છે? જો હા તો કેટલી રકમ?

(૫) શું અરજદાર સાબિત કરે છે કે, તેણી સામાવાળાઓ પાસેથી ધી પ્રોટેકશન ઓફ વુમન ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ ૨૦૦૫ની કલમ–૨૨ મુજબ વળતર મેળવવા હકકદાર છે?

(૬) શું અરજદાર સાબિત કરે છે કે, તેણી સામાવાળાઓ પાસેથી ધી પ્રોટેકશન ઓફ વુમન ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ ૨૦૦૫ની કલમ–૨૩ મુજબ વળતર મેળવવા હકકદાર છે?

(૭) શું હુકમ?

(૧૪) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે. :–

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) નકારમાં
(૪) નકારમાં
(૫) નકારમાં
(૬) નકારમાં

(૭) આખરી હુકમ મુજબ.

## કાયદાની જોગવાઈની ચર્ચા, પુરાવાઓનો મુલ્યાંકણ અને નિર્ણય માટેના કારણો:–

તમામ મુદ્દાઓ પરસ્પર સંબંધિત હોવાથી, સુવિધા અને સરળતા માટે તેમની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૧૫) અરજદારે સામાવાળાઓ ઉપર જે આક્ષેપો મુકેલા છે તે આક્ષેપો પુરવાર કરવાની જવાબદારી અરજદારપક્ષની છે અને સદરહું કામે અરજદારપક્ષને આ કામે વાજબી તક આપવા છતાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી તથા તેઓની પુરાવાનો હક્ક ખોલી આપવાની અરજી પણ નામંજૂર થયેલ છે. જેથી અરજદારની અરજીની હકીકતો ધ્યાને લેવાની રહે છે. વિશેષમાં આ કામે અરજદાર તરફે પોતાની અરજીના સમર્થનમાં કોઈ લેખિત દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ નથી જે હકીકત પણ ધ્યાને લેવાની રહે છે.

(૧૬) રેકોર્ડ ઉપર ઉપલબ્ધ અરજી, મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનો વિચાર કરતાં આ કોર્ટને પ્રથમ દ્દષ્ટિએ જણાય છે કે અરજીકર્તા દ્વારા દાખલ કરાયેલ અરજીમાં લગાવવામાં આવેલા આક્ષેપો આધારભૂત પુરાવાથી સમર્થિત કરવામાં આવ્યા નથી. અરજીકર્તાએ અરજી સાથે કોઈપણ વિશ્વસનીય દસ્તાવેજી આધાર રજૂ કર્યો નથી અને અરજી દાખલ કર્યા બાદ પણ કોર્ટ સમક્ષ સતત હાજર રહી પોતાની રજૂઆતને પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો નથી. કાયદાનો મૂળ સિદ્ધાંત એવો છે કે જે પક્ષ આક્ષેપ કરે છે, તે પક્ષે જ તે આક્ષેપો સાબિત કરવાના રહે છે; માત્ર ખાલી, અસપષ્ટ અથવા નિશ્ચિત પુરાવાવિહીન આક્ષેપોના આધારે રાહત આપી શકાય નહીં.

(૧૭) પ્રસ્તુત કેસમાં અરજીકર્તા દ્વારા રજનેશ વી. નેહા[1] માં આપવામાં આવેલા નિર્દેશોનું પૂરતું પાલન થયેલું જણાતું નથી. માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા ભરણપોશણ અને ઘરેલુ હીંસા સંબંધિત મામલાઓમાં પક્ષકારોની આવક, સંપત્તિ, જવાબદારીઓ અને ખર્ચ અંગેની સોગંદનામુ ફરજિયાત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે, જેથી કોર્ટ સમક્ષ પક્ષકારોની વાસ્તવિક આર્થિક પરિસ્થિતિ સ્પષ્ટ થઈ શકે અને ન્યાયોચિત આદેશ આપી શકાય. પરંતુ અહીં અરજીકર્તા તરફથી જરૂરી મહિતી, જરૂરી દસ્તાવેજો અથવા અન્ય પૂરતા આધારભૂત પુરાવા રજૂ થયા નથી. આથી, અરજીકર્તા પોતાના દાવાની પ્રાથમિક વિશ્વસનીયતા પણ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહી છે.વધુમાં, અરજીકર્તા તરફથી અરજી બાદ સતત ગેરહાજરી નોંધપાત્ર છે. જ્યારે કોઈ પક્ષ પોતાની અરજીમાં ગંભીર આક્ષેપો કરે અને પછી તે આક્ષેપોના સમર્થનમાં કોર્ટ સમક્ષ હાજર રહી કોઈ પુરાવો ન આપે, ત્યારે તેની અરજીની વિશ્વસનીયતા

[1](2021) 2 SCC 324

નબળી પડે છે. આ કેસમાં અરજીકર્તા તરફથી વીટ્નેસ બોક્સ માં આવી સાક્ષી આપવાની કે અન્ય કોઈ સક્ષમ પુરાવો રજૂ કરવાની કોઈ અસરકારક કોશિશ થઈ નથી. પરિણામે, અરજીમાં કરાયેલા આક્ષેપો માત્ર અરજી નિ વિગતો પૂરતા રહે છે અને તે પુરાવાની કસોટી પર ખરા ઉતરતા નથી.

(૧૮) બીજી તરફ, સામાવાળા પક્ષે અરજીનો લેખિત જવાબ રજૂ કર્યો છે, પોતાની આવક સંબંધિત સોગંદનામુ દાખલ કર્યું છે, બેંક–સ્ટેટમેંટ રજૂ કરી છે તથા દસ્તાવેજોની યાદી પણ રેકોર્ડ પર મૂકી છે. આ દસ્તાવેજો પ્રતિવાદીના આર્થિક સ્થિતિ અંગેના વર્ઝનને સમર્થન આપે છે અને દર્શાવે છે કે પ્રતિવાદીએ પોતાની તરફથી જરૂરી પારદર્શિતા દાખવી છે. જ્યારે એક પક્ષ તરફથી ચોક્કસ દસ્તાવેજી પુરાવા રેકોર્ડ પર મૂકવામાં આવ્યા હોય અને સામે પક્ષ તે પુરાવાને ખંડિત કરવામાં નિષ્ફળ જાય, ત્યારે ઉપલબ્ધ પુરાવાની કુલ સ્થિતિ પ્રતિવાદી તરફ વધુ ઝુકે છે. આ ઉપરાંત, પ્રતિવાદી દ્વારા આપેલ જવાબ તથા તેના મૌખિક પુરાવામાં સ્પષ્ટ રીતે કહેવાયું છે કે પ્રતિવાદી હંમેશા અરજીકર્તાને પાછી લેવા તૈયાર અને ઇચ્છુક હતો, પરંતુ અરજીકર્તા કદી પાછી આવવા ઇચ્છતી નહોતી. આ પ્રકારનું વર્તન પ્રતિવાદી તરફથી સમાધાનસ્વરૂપ અને નિષ્પક્ષ મનસ્વભાવ દર્શાવે છે. જો એક પક્ષ સતત સહવાસ પુનઃસ્થાપિત કરવા તૈયાર હોવા છતાં બીજી પક્ષ કોઈ વાજબી કારણ વિના પાછી આવવા ઇચ્છુક ન હોય, તો અરજીકર્તા તરફથી કરવામાં આવેલા આક્ષેપો વધુ સાવધાનીપૂર્વક આંકવા પડે છે. આ પરિસ્થિતિમાં, પ્રતિવાદી તરફથી સંબંધ તોડવાની કે જાળવણીમાં ઈરાદાપૂર્વક બેદરકારી દાખવવાની વાત પુરવાર થતી નથી.

(૧૯) રેકોર્ડ ઉપરની સમગ્ર સામગ્રીનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં આ કોર્ટનું સ્પષ્ટ મંતવ્ય છે કે અરજીકર્તા પોતાની અરજીમાં માંગેલી રાહતો મેળવવા માટે જરૂરી તથ્યાત્મક અને કાનૂની આધાર સ્થાપિત કરવામાં નિષ્ફળ રહી છે. અરજીકર્તાની સતત ગેરહાજરી, પુરાવાના અભાવ, રાજનેશ વિ. નેહા ના ચુકાદા મુજબ જરૂરી માહિતી ના અભાવ તથા પ્રતિવાદી દ્વારા રજૂ કરવામાં આવેલ જવાબ, આવકનું શપથપત્ર, બેંક સ્ટેટમેન્ટ અને સમાધાનાત્મક વલણ, આ તમામ બાબતોને એકત્રિત રીતે ધ્યાનમાં લેતા, હાલની અરજીને ટકાવી રાખવા માટે પૂરતી નથી. જેથી, **મુદ્દા નં. ૧ થી ૬ નો નિર્ણય નકારમાં** ઠરાવી, **મુદ્દા નં.૭** અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

## **–: આખરી હુકમ:–**

(૧) અરજદાર દ્વારા દાખલ કરેલ હાલની અરજી **રદ્દ** કરવામાં આવે છે.

(૨) ખર્ચ બાબતે કોઈ અલગ આદેશ આપવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તા.૨૩ જી માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

લાઠી.

તા.૨૩/૦૬/૨૦૨૬

**(રવીશ અનિલ નાગપાલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડી. મેજી.ફ.ક., લાઠી, જી.અમરેલી.
(કોડ નં.જી.જે.૦૧૫૫૩)